ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૧ ટકા

# શહેરમાં માખી-મચ્છર સહિતના જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો

## ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવાને કારણે રોજગન્ય જંતુઓના ઉપદ્રવમાં વધારો : સત્વરે જંતુનાશક દવાનો છંટકાવ થાય તે જરૂરી બન્યું : શરદઋતુના પ્રારંભ સાથે જ મૌસમી બિમારીઓનું જોર વધ્યું

ગાંધીનગર, તા.૪

શહેરમાં સતત મેઘવર્ષા પછી મેઘરાજાએ ખમૈયા તો કર્યા છે અને શહેરમાં સારો એવો ઉઘાડ પણ નીકળ્યો છે. જો કે શહેરમાં ખુલ્લા કોમનપ્લોટ તથા ખુલ્લી જગ્યાઓ વગેરેમાં ભરાયેલા વરસાદી પાણીના નાના-મોટા ખાબોચિયાંને કારણે કાદવ કિચડ સાથે રોગજન્ય જીવજંતુઓ જેવા કે માખી-મચ્છરનો ઉપદ્રવ વધવા પામ્યો છે. મચ્છરનો ઉપદ્રવ વધવાને કારણે ડેન્ગ્યુ મેલેરિયા સહિતની બિમારીઓનું જોર વધે તેવી સ્થિતિ સર્જાઈ છે તેથી શહેરમાં સત્વરે જંતુનાશક દવાના છંટકાવની કામગીરી હાથ ધરાય તે જરુરી બન્યું છે. મૌસમી બિમારીના ભોગ બનેલા નાગરિકો આસાનીથી કોવિડ-૧૯ની ઝપેટમાં આવી જાય તેવી શકયતા વધવા પામી છે.

એક તરફ કોવિડ-૧૯ મહામારી હજુ પણ નમતું જોખી નથી રહી અને નાગરિકો લગભગ છ માસથી આ વાયરસથી પરેશાની ભોગવી રહ્યા છે. બીજી તરફ શરદ ઋતુના પ્રારંભે જ વરસાદી રમઝટના કારણે શહેરમાં સર્જાયેલી ઠેર ઠેર પાણીના ભરાવાની સમસ્યા તથા સતત વાતાવરણમાં આવતા બદલાવને કારણે નાની મોટી બિમારીઓનું જોર વધી રહ્યું છે. આમ પણ શરૂદઋતુને રોગોની માતા કહેવાય છે અને આ ઋતુમાં શહેરમાં કયારેક વરસાદ, કયારેક વાદળ, કયારેક તડકો તો કયારેક ઠંડક જેવી સ્થિતિના કારણે નાગરિકોની રોગપ્રતિકારક શકિત પર વિપરિત અસર પડી રહી છે અને નાગરિકો ઋતુજન્ય બિમારીઓ જેવી કે શરદી-સળેખમ, તાવ-ઉધરસ, માથાનો દુઃખાવો, શરીર તુટવું, એસીટીડી-અપચો થવો કે ઝાડા થઈ જવાં, હાથ પગ દુઃખવા વગેરે તકલીફોનો ભોગ બની રહ્યા છે. વળી, શહેરમાં ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવાને કારણે અનેક પ્રકારના જીવજંતુઓનો ઉપદ્રવ વધ્યો છે તેથી પણ ઋતુજન્ય બિમારીઓનું જોર વધી રહ્યું છે. તેને નાથવા સત્વરે જંતુનાશક દવાના છંટકાવની કામગીરી આરંભાય તેવી નાગરિકોમાં માંગ પ્રવર્તી રહી છે.

### મોસ્ટિકો સ્પ્રે સાથે 'કપૂરદાની'ની માંગ વધી

શહેરમાં માખી-મચ્છરનો ત્રાસ ઓછો કરવા નાગરિકો વિવિધ પ્રકારના ધૂપ-અગરબત્તી તેમજ કિટાણુનાશક સ્પ્રે તેમજ ઈલેકટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ કરી રહ્યા છે અત્યારે ખાસ કરીને 'કપૂરદાની'નો ઉપયોગ ખૂબ વધ્યો છે અને તેની માંગ પણ વધી છે. લોકડાઉન પહેલા આ કપૂરદાની માત્ર ૫૦ થી ૬૦ રૂપિયામાં મળતી હતી જે હવે રૂ. ૯૦ થી લઈને રૂ. ૧૫૦ સુધી ભાવ પહોંચી ગયો છે. જો કે લોકડાઉન પહેલા ચાઈનીઝ બનાવટની કપૂરદાનીઓ બજારમાં હતી તેનો માલ હવે આવતો બંધ થઈ ગયો છે. તેથી સ્થાનિક બનાવટનો ભાવ વધારો થઈ જવા પામ્યો છે. આ સાથે વિવિધ પ્રકારના મોસ્કિટો સ્પ્રેની માંગ પણ વધી છે.



### લીમડાંનો ધુમાડો હજુ પણ શ્રેષ્ઠ

બજારમાં ગુગળથી માંડીને વિવિધ પ્રકારની અગરબત્તીઓ અને ધૂપ પણ મળવા લાગ્યાં છે. પરંતુ હજુ પણ કેટલાંક શહેરીજનો ઘરમાં મચ્છર ભગાડવા માટે લીમડાના પાનનો ધુમાડો કરે છે. શહેરમાં લીમડો ચોતરફ આસાનીથી ઉપલબ્ધ હોવા સાથે એક વાર ધુમાડો કરવાથી લગભગ એક સપ્તાહ સુધી ઘરમાં તેની અસર અનુભવાય છે તેથી કેમિકલયુકત સ્પ્રે કે અગરબત્તી વાપરવાનું ટાળતા નાગરિકો હજુ પણ લીમડાના ધુમાડાને શ્રેષ્ઠ માને છે.



ધોળાકુવાને અડીને આવેલી ઈન્દ્રોડા પાર્કની દિવાલ વધુ વરસાદના કારણે તુટી ગઈ છે. દિવાલ તુટતા નજીકમાં આવેલો ઈલેકટ્રીક થાંભલો પણ તુટી ગયો છે. જેના કારણે અહીં અંધારપટ સર્જાયો છે. તાત્કાલિક ઈલેકટ્રીક થાંભલો રીપેર કરવા ગ્રામજનોએ માંગ કરી છે.

## શહેર વસાહત મહામંડળ દ્વારા હરિદ્વાર ખાતે ૧૫૦૦ સ્વજનોના અસ્થિનું વિસર્જન કરાશે

ગાંધીનગર શહેર વસાહત મહામંડળ દ્વારા વર્ષ ૧૯૯૬થી અસ્થિ વિસર્જન સેવા કરવામાં આવી રહી છે પરંતુ કોરોનાની મહામારીને કારણે થોડા સમય માટે આ સેવા સ્થગિત કરવામાં આવી હતી પરંતુ તા. ૧૫મીના રોજ મંડળના સભ્યો ૧૫૦૦ સ્વજનોની અસ્થિ લઈ મોટર માર્ગે હરિદ્વાર જવા નીકળશે. આ દિવસે સવારે ૯.૩૦ વાગ્યે પ્રાર્થના સભા પણ યોજાશે.

ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચના જણાવ્યા અનુસાર તા. ૮ માર્ચથી તા. ૧૩ સપ્ટેમ્બર દરમિયાન સ્વર્ગવાસ થયેલ ૧૫૦૦ સ્વજનોની અસ્થિ લઈ ઉલ્લાસ વોરા, તુષાર ધનેશ્વર, હિતેશ રાવલ અને રાકેશ ઉપાધ્યાય તા. ૧૫મીના રોજ હરિદ્વાર જવા નીકળશે અને હરિદ્વાર જઈ હરકી પેઢી ખાતે મહામંડળ દ્વારા ગોઠવાયેલ વ્યવસ્થા મુજબ સ્વજનોના અસ્થિ વિસર્જન કરશે. તા. ૧૫ સપ્ટેમ્બરના રોજ છ માસના લાંબા સમય પછી પ્રસ્થાન થતા અસ્થિ વિસર્જનની પ્રાર્થનામાં જોડાવા સર્વે નગરજનોને સંસ્થા દ્વારા જણાવાયું છે.

## ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા લોક સમસ્યાના પ્રશ્નો અંગે સોમવારે સરકારને આવેદનપત્ર અપાશે



ગાંધીનગર, તા.૩

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા શહેરની લોક સમસ્યાઓ તથા શહેરના પ્રશ્નો સંદર્ભે દર મહિને સંબંધિત અધિકારીઓની સાથે બેઠક કરી વસાહતના અગ્રણીઓ સાથે લોકદરબાર યોજી સેકટરના પ્રશ્નો નિવારવા અંગે મિટીંગ યોજાઈ હતી. જે સંદર્ભે સે-૨, ૪, ૫ અને ૭ના વસાહતીઓના અગ્રણીઓ તરફથી મળેલી અનેક ફરિયાદો જેમ કે પાણી, રસ્તા, નમી ગયેલા વૃક્ષોનું ટ્રિમીંગ, કુતરાઓનો ત્રાસ, પાણીનું પ્રેશર જેવી અનેક સમસ્યાઓ સંદર્ભે ચર્ચા કરવા માટે સે-૨ અન સે-૪ના વસાહતીઓ સાથે મિટીંગ યોજાઈ હતી.

જે સંદર્ભે સંસ્થાના અગ્રણી કેસરીસિંહ બહોલા જણાવે છે કે તા. ૭ સપ્ટેમ્બરના રોજ સત્યાગ્રહ છાવણી ખાતે સવારે ૧૧.૩૦ કલાકે દરેક સેકટરના અગ્રણીઓ ભેગા થઈ મુખ્યમંત્રી, કલેકટર તથા કમિશનરને સેકટરની આ સમસ્યાઓ અંગે આવેદનપત્ર આપવા જશે. ત્યારબાદ તબક્કાવાર આશ્ચર્યજનક કાર્યક્રમો યોજાશે. સંસ્થાના મંત્રી રાજેન્દ્રભાઈ પારેખ દ્વારા નગરની જનતાને રોડ આંદોલનમાં જોડાવવા જણાવાયું છે.

## સેકટર-૪-બીમાં પાણીનો ફોર્સ ઓછો મળતો હોવાની ફરિયાદ

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરમાં એક તરફ સર્જાયેલા વરસાદી માહોલના કારણે ઠેર ઠેર વરસાદી પાણીના ભરાવાની સમસ્યા સર્જાઈ છે ત્યારે બીજી તરફ શહેરના વોર્ડ નં. ૮માં સમાવિષ્ટ સેકટર-૪-બીમાં પીવાના પાણીનો ફોર્સ ઓછો આવવાની મુશ્કેલી ઉભી થવા પામી છે. સેકટર-૪-બીના પ્લોટ નં. ૪૪૯ તથા તેની આસપાસના વિસ્તારમાં પાણીનો ફોર્સ ઓછો આવતો હોવાની ફરિયાદ ઉઠવા પામી છે.

શહેરના સેકટર-૪-બીમાં પાણીનો ફોર્સ ઓછો આવતો હોવા સાથે થોડા સમય માટે જ પાણી આવતું હોવાની તે પણ ઘરની બહાર બનાવેલ ચોકડીમાં જ પાણી આવતું હોવાની રહીશોએ સ્થાનિક નગરસેવક પ્રવિણાબેન વોરાને ફરયાદ કરી હતી. આ ફરિયાદના પગલે નગરસેવકે પાટનગર યોજના ભવનના ડિવિઝન-૩ના કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરી નાગરિકોની આ મુશ્કેલી દૂર કરવા માંગ કરી છે.

## કોવીડ વોર્ડમાં ધમધમતા એસી ને પગલે વિજબીલમાં તોતિંગ વધારો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં સ્થિત ૬૦૦ બેડની બિલ્ડીંગમાં કોવીડ હોસ્પિટલ ઉભી કરાઈ છે. કોરોના પોઝીટીવ દર્દીઓ માટે ૮ માં માળે અલાયદો વોર્ડ ઉભો કરાયો છે. ત્યારે દર્દીઓ અને સ્ટાફની સુવિધામાં કોઈ કચાશ રહી ના જાય તે માટે તંત્ર દ્વારા ખાસ કામચલાઉ તોતિંગ એસી ફીટ કરવામાં આવ્યા છે. ત્યારે આ એસીને પગલે સિવિલમાં વિજ બિલમાં પણ મોટો વધારો જોવા મળ્યો છે. જેમાં સામાન્ય દિવસોમાં હોસ્પિટલનું વિજબિલ રૂ.૨૫ થી ૩૦ લાખની આસપાસ આવે છે, જયારે હાલના સમયે આ વિજબિલનો આંકડો રૂ. ૪૨ થી ૪૪ લાખને પાર થઈ જાય છે. જેથી હાલના સમયે હોસ્પિટલમાં રૂ.૧૦ થી ૧૨ લાખનો વિજ વપરાશ વધુ થઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે.

મળતી માહીતી મુજબ ગાંધીનગર કોવીડ હોસ્પિટલને પગલે રાત દિવસ ધમધમે છે. હોસ્પિટલ રાત્રીના સમયે લાઈટને પગલે દિવસ જેવું અજવાળુ હોય છે. સિવિલ કેમ્પસમાં નવી બિલ્ડીંગ, જુની બિલ્ડીંગ તેમજ નવી ઓપીડી બિલ્ડીંગમાં એસી, પંખા અને લાઈટ ચાલુ હોવા છતા વિજબીલ રૂ.૨૫ થી ૩૦ લાખ આસપાસ આવતુ હોય છે. જયારે કોવીડ હોસ્પિટલમાં આવેલા વોર્ડમાં કોરોના પોઝીટીવ દર્દીઓ સારવાર મેળવી રહ્યા છે. ત્યારે દર્દીઓ તેમજ સ્ટાફના કર્મચારીઓને કોઈ તકલીફનો સામનો ના કરવો પડે તે માટે ખાસ અલાયદી વ્યવસ્થા ઉભી કરાઈ છે. જયારે આઠમાં માળે દર્દીઓ માટે ખાસ તોતિંગ એસી ફીટ કરાયા છે, જે રોજનો કેટલાય કિલો વોટ વિજનો વપરાશ કરે છે. વિજ વપરાશ વધી જતા વિજબિલમાં પણ તફાવત જોવા મળે છે. સામાન્ય દિવસોમાં હોસ્પિટલનું વિજબિલ રૂ.૨૫ થી ૩૦ લાખ આવે છે તેની સામે હાલના સમયે રૂ.૪૨ થી ૪૪ લાખ આવે છે. જેથી સિવિલના વિજબિલમાં રૂ. ૧૨ લાખનો વધારો જોવા મળી રહ્યો છે.





સેકટર-૫માં સીએનજી પંપની સામે આવેલા ઈલેકટ્રીક ડીપીમાં વહેલી સવારે મોટો ધડાકો થયો હતો. વહેલી સવારે ધડાકો થતા આસપાસની સોસાયટીના વસાહતીઓ ઘરની બહાર નીકળી ગયા હતા.ધડાકો એટલો પ્રચંડ હતો કે ડીપીના દરવાજામાં કાણું પડી ગયું હતું. ટોરેન્ટ પાવરના કર્મચારીઓએ તાત્કાલિક તેનું રીપેરીંગ કાર્ય હાથ ધર્યુ હતું.

## મધર ડેરી પાસેથી ચોરી થયેલી રીક્ષાનો ભેદ ઉકેલાયો

ગાંધીનગર, તા.૩

ભાટ મધર ડેરીના ગેટ સામે પાર્ક કરેલી રીક્ષાની ઉઠાંતરી થવા પામી હતી. આ રીક્ષા ચોરીનો ભેદ એલસીબી-૨ પોલીસે ગણતરીના કલાકોમાં ઉકેલી નાંખ્યો છે. પોલીસે ચોરી થયેલી રીક્ષા રીકવર કરીને બે યુવકોને પકડી પાડી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ ગાંધીનગર એલસીબી-૨ પીઆઈ એચ.પી.ઝાલાના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો વિવિધ દિશામાં કાર્યરત હતા. ત્યારે અડાલજ પોલીસ મથક વિસ્તારમાં એલસીબી-૨ ની ટીમ પેટ્રોલીંગમા હતી. તે સમયે ખોરજ બ્રિજ પાસે પહોંચતા ટીમના કોન્સ્ટેબલ સુરેન્દ્રસિંહ તેમજ સુરેશજીને બાતમી મળી હતી કે સીએનજી રીક્ષા નં. જી.જે.૦૧. બી.યુ.-૧૯૭૨ અડાલજ થી નર્મદા કેનાલ થી નીકળી અમદાવાદ તરફ જવાની છે, અને તે રીક્ષામાં ટાયર ભરેલા છે. જેને પગલે પોલીસે વોચ ગોઠવી બાતમી વાળી રીક્ષા દેખાતા ઉભી રખાવીને બે શખ્સોને પકડી પાડી વિશ્વાસમાં લઈ પુછતાછ કરતા રીક્ષામાં રાખેલા ટાયરો ગત તા.૨૬ ઓગસ્ટના રોજ મધર ડેરી ભાટ પાસેથી ચોરી થયેલી રીક્ષા નં. જી.જે.૦૧.ટી.ઈ.-૪૬૫૩ ની ચોરી કરી હતી. આ રીક્ષા અડાલજ નર્મદા કેનાલ હુડકો તરફ જવાના કાચા અંતરીયાળ માર્ગે બાવળની ઝાડીમાં સંતાડી તેના સ્પેર-પાર્ટ અલગ કરી વેચાણ માટે નીકળ્યા હતા. પોલીસે અડાલજ પોલીસ મથકે ખાત્રી કરતા રીક્ષા ચોરી અંગે ગુનો નોંધાયો છે. એલસીબી-૨ પોલીસે રીક્ષા તેમજ ટાયરો અને બેટરી સાથે મંગળદાસ જયંતિભાઈ પટ્ટણી (ઉં.૩૦ મકાન નં.૪ જલસાગર સોસાયટી રામેશ્વર મેઘાણીનગર) અને સચિન ગોપાળભાઈ પટ્ટણી (ઉં.વ.૨૧ મકાન નં.૨૮ બાપાલાલ મોદીની ચાલી ચમનપુરા )ને પકડી પાડી વધુ તપાસ અડાલજ પોલીસે હાથ ધરી છે.



## કોરોના વાયરસના ચેપથી બચવા 'લીફટ'ને બદલે 'સીડી'નો ઉપાયોગ વદયો

ગાંધીનગર, તા.૩

ગાંધીનગરના નવા સચિવાલયથી મંડીને વિવિધ બહુમાળી ભવનોમાં સરકારી કચેરીઓમાં કાર્યરત કર્મચારીઓમાં 'લીફટ'નો ઉફયોગ કરવા અંગે પણ કોરોના મહામારીના કારણે સાવચેતી અને સતર્કતાનો માહોલ જોવા મળી રહ્યો છે. અનેક કર્મચારીઓ હવે ચોથા-પાંચમા માળ સુધી જવામાં તેમજ કોઈ પણ માળેથી ઉતરવામાં લીફટનો ઉપયોગ કરવાનું ટાળતા જોવા મળી રહ્યા છે.

ગાંધીનગરમાં નોવેલ કોરોના વાયરસ સંક્રમણનું જોર દિન પ્રતિદિન વધતું જ જણાઈ રહ્યું છે અને દરરોજ કોવિડ-૧૯ પોઝિટિવ કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. આ સ્થિતિમાં નાગરિકોમાં ત્રણ પ્રકારની વર્તણૂંક જોવા મળી રહી છે. જેમાં સૌથી મોટો વર્ગ કોરોના વાયરસનો ચેપ ના લાગે તે માટે સતર્ક રહે છે, અને સાવચેતી સાથે રોજીંદા જીવનને ચાલુ રાખવાની તેની મજબૂરી પણ છે, જયારે બીજો વર્ગ એવો છે જે આ વાયરસ સંક્રમણની ચિંતામાં ખૂબ ભયભીત છે જે શકય હોય ત્યાં સુધી ઘરની બહાર નહી જવામાં અને જવું પડે તો અત્યંત સાવચેતી રાખવામાં માને છે જયારે ત્રીજો વર્ગ એવો પણ છે જે તદ્દન બેફિકર છે જે માસ્ક પહેરવામાં અને સોશિયલ ડિસ્ટન્સ કે સેનેટાઈઝર વાપરવામાં પણ બેદરકારી દાખવે છે. અત્યારે અનલોક-૪ની ગાઈડલાઈન જાહેર થઈ ત્યાં સુધીમાં લગભગ મોટાભાગનું જનજીવન ધબકતું થઈ જવા પામ્યું છે ત્યારે નવા સચિવલાય, ઉદ્યોગ ભવન, નિર્માણ ભવન, સહયોગ સંકુલ વગેરેમાં કામ કરતા કર્મચારીઓમાં 'લીફટ'નો ઉપયોગ કરવામાં પણ બે પ્રકારના મતમતાંતર જોવા મળી રહ્યા છે. લીફટમાં બટનથી માંડીને આસપાસની રેલીંગ કે દિવાલોને સ્પર્શી ના જવાય અને ભીડ હોય તો લીફટમાં જવાનું ટાળતા કર્મચારીની સંખ્યા વધી છે. ખાસ કરીને ઓફિસો છુટવાના સમયે ભીડ વધુ હોવાથી કર્ચમારીઓ લીફટના બદલે સીડીનો ઉપયોગ કરવાનું વધુ પસંદ કરી રહ્યા છે.

### સીડીઓ ચડીને કોરોના ટેસ્ટ કરતા કર્મચારીઓ

આજકાલ સોશ્યલ મિડિયા પર કોરોનાને લગતી અનેક પોસ્ટ જોવા મળે છે જેમાં જાતે કોરોના ટેસ્ટ કરો તેવા મેસેજ સાથે વિવિધ વિડિયોઝ ખૂબ વાઈરલ થઈ રહ્યા છે. આવ જ કેટલાક વિડિયોમાં અજબ ગજબ નુસ્ખા સાથે એક સીડીઓ ચડીને કોરોના ટેસ્ટ કરવાનો વિડિયો પણ છે. જે અનુસાર તમે ચોથા-પાંચમા માળ સુધી જો સીડીઓ ચઢી જાઓ અને તમને થાક ના લાગે કે હાંફ ના ચઢે તો કોરોના નથી તેવું તેમાં તારણ રજુ કરાયુ છે જેનો પ્રયોગ પણ કર્મચારીઓ કરી જુએ છે.

## લાયન્સ કલબ સાઉથનો પદગ્રહણ સમારોહ યોજાયો




ગાંધીનગર, તા.૩

લાયન્સ કલબ સાઉથનો પદ ગ્રહણ સમારોહ તા. ૩૦ ઓગષ્ટના રોજ અમદાવાદ ખાતે યોજાયો હતો. જેમાં પ્રમુખ તરીકે દર્શનાબેન સુનિલભાઈ ત્રિવેદી, મંત્રી મનોજકુમાર સરૈયા, ખજાનચી વિભાકરભાઈ શાહ, ફર્સ્ટ વાઈસ પ્રેસિડન્ટ ફાલ્ગુનીબેન જાની, સેકન્ડ વાઈસ પ્રેસિડન્ટ તરીકે નીતિનભાઈ પટેલની વરણી કરવામાં આવી. કલબના પ્રમુખ દર્શનાબેન ત્રિવેદીનું કલબ તરફથી ઈન્સ્ટોલેશન પીડીજી રાકેશભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ કાર્યક્રમ ભૂતપૂર્વ પ્રમુખો, લાયન્સના સભ્યો, કેબિનેટના તમામ મેમ્બરો તથા ભૂતપૂર્વ પીડીજી સૌરભભાઈ બ્રહ્મભટ્ટના માર્ગદર્શન હેઠળ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ખાસ પુરૂષોત્તમભાઈ રૂપાલા, હિરેનભાઈ મેવાડા, દક્ષેશભાઈ સોની, રસીકભાઈ પટેલ, અન્ય કેબિનેટના સભ્યો તથા રીજીયન અને ઝોન ચેરમેન પણ હાજર રહ્યા હતા.

## જુસિકા દ્વારા શ્રધ્ધાંજલિ

ગાંધીનગર, તા.૩

જુસિકાની સેવાકીય પ્રવૃત્તિઓમાં હંમેશા પ્રેરણા સ્ત્રોત રહેનાર અને નગરમાં સેવાકીય પ્રવૃત્તિઓનો વ્યાપ વધારવા સાથે દરરોજ ગરીબ દર્દીઓને દવા આપવાની સેવા કરનાર સહયોગ મંડળ ગાંધીનગરના પ્રમુખ બહેચરભાઈ પ્રજાપતિનો સ્વર્ગવાસ થયો છે. જુસિકા પરિવાર દ્વારા તેમને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવે છે.

### ચિરવિદાય

- સ્વ. પરમાર મુળજીભાઈ ઈશ્વરભાઈ, ઉ.વ. ૭૦, બોરીજ, તા. ગાંધીનગર
- સ્વ. પટેલ નાથીબેન બબાભાઈ, ઉ.વ. ૯૦, મોટા ચિલોડા, તા. ગાંધીનગર
- સ્વ. બાલુભાઈ કુંવરજીભાઈ ઢોડીયા, ઉ.વ. ૭૧, સરઢવ, તા. ગાંધીનગર
- સ્વ. કનૈયાલાલ પ્રભુદાસ પટેલ, ઉ.વ. ૬૦, મહેસાણા, જી. મહેસાણા